# ૫૩.૫ લાખ કરોડનો સર્વસ્પર્શી બજેટ રિફોર્મ, પરફોર્મ અને ટ્રાન્સફોર્મના મંત્રને સાર્થક કરશે : જગદીશ વિશ્વકર્મા

## કેન્દ્રિય બજેટ ૨૦૨૬-૨૭ 'વિકસિત ભારત ૨૦૪૭'ની બ્લુપ્રિન્ટર અને આગામી ૨૫ વર્ષનો રોડમેપ: ગિફ્ટ સિટીમાં ટેક્સ્ હોલીડે, લોથલ-ધોળાવીરાનો વિકાસ અને સુરત સુધીનો ફ્રેઇટ કોરિડોર ગુજરાત માટે આશીર્વાદરૂપ : ભાજપા પ્રદેશ અદયક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા



રાજકોટ: ગુજરાત પ્રદેશ ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ કેન્દ્રિય નાણાંમંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણજીએ પ્રસ્તુત કરેલા નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ ના બજેટ સંદર્ભે ગુજરાત પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માએ પ્રદેશ ભાજપા કાર્યાલય 'શ્રી કમલમ', કોબા, ગાંધીનગર ખાતે પત્રકાર પરિષદને સંબોધન કર્યું હતું.

પ્રદેશ અધ્યક્ષ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, રિફોર્મ, પરફોર્મ અને ટ્રાન્સફોર્મ એ 'મોદી સરકારની' ઓળખ રહી છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતની રીફોર્મ એક્સપ્રેસને રજૂ કરતું તેમજ 'વિકસિત ભારત ૨૦૪૭' ની બ્લુ પ્રિન્ટ અને આગામી ૨૫ વર્ષના રોડમેપને પ્રતિબિંબિત કરતું રૂ. ૫૩.૫ લાખ કરોડનું સર્વસ્પર્શી, સર્વ સમાવેશી અને યુવાશક્તિ ડ્રિવન બજેટ આપવા માટે કેન્દ્રિય નાણામંત્રી નિર્મલા સીતારમણજીને ગુજરાત ભાજપા પરિવાર વતી જગદીશભાઈ વિશ્વકર્માએ અભિનંદન પાઠવ્યા હતાં.

જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, શ્રીમતી નિર્મલા સીતારમણજીનું ૯ મું બજેટ એ કર્તવ્ય ભવનમાં પ્રસ્તુત થયેલ પ્રથમ બજેટ છે. આ બજેટ ત્રણ કર્તવ્યો દેશના આર્થિક વિકાસને ઉત્તેજન, નાગરિકોની આશા આકાંક્ષાઓની પૂર્ણતા અને સૌના સાથ, સૌના વિકાસના ભાવ સાથે વિકાસના લાભો સમાજના પ્રત્યેક વર્ગ સુધી પહોંચાડવાના સ્તંભ પર આધારિત છે. આ બજેટ દેશની યુવાશક્તિ, નારીશક્તિ, કિસાન શક્તિ, શ્રમિક શક્તિ તેમજ ઉદ્યમી શક્તિ ને કેન્દ્રમાં રાખતું બજેટ છે.

શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, રૂ. ૫૩.૫ લાખ કરોડના આ બજેટમાંમહિલા સશક્તિકરણ, યુવા શક્તિને પ્રોત્સાહન, આરોગ્ય અને મેડિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, જનરલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર,લોજીસ્ટિક અને કનેક્ટિવિટી, સંસ્કૃતિ, પર્યટન અને વારસાની જાળવણી, ઉદ્યોગ અને ટેકનોલોજીમાં આત્મનિર્ભરતા તરફ અગ્રેસરતા, કૃષિ અને ગ્રામ વિકાસ ક્ષેત્ર,પશુપાલન, ડેરી, મત્સ્ય ઉદ્યોગ, સંરક્ષણ, સ્પોર્ટ્સ, ખજખઊ અને સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ, અઈ નો સકારાત્મક ઉપયોગ સહિત દેશની વર્તમાન અને ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં લઈ જરૂરી તમામ વિષયો પર બળ આપી ભારતના ઉજ્જવળ ભવિષ્યના પાયાને સશક્ત કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે. જગદીશભાઈ વિશ્વકર્માએ ગુજરાત સંદર્ભે વાત કરતા જણાવ્યું હતું કે, ગુજરાત એક પ્રકારે ખજખઊ ઉદ્યોગોનું હબ છે. બજેટમાં ખજખઊ અને મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે થયેલી જાહેરાતો અને ટેક્સટાઈલ ક્ષેત્રે છ યોજનાઓના લાભથી ગુજરાતના ઉદ્યોગો બુસ્ટ અપ થશે જેનાથી રોજગારની નવી તકો સર્જાશે.

૫ લાખથી વધુ વસ્તી ધરાવતા ટીયર ૨ અને ૩ શહેરોને સિટી ઈકોનોમિક રીઝન બનાવવાની જાહેરાતથી રાજયના આ કેટેગરીમાં આવતા શહેરોનો વિકાસને વેગ મળશે. ગુજરાતમાં સ્થિત લોથલ અને ધોળાવીરા સહિત દેશના ૧૫ પુરાતત્વ સ્થાનોના વિકાસની જોગવાઈ, પૂર્વ ભારતના દાનકુની થી સુરત સુધીનો ડેડીકેટેડ ફ્રેઈટ કોરિડોર, જામનગરમાં સ્થિત ઠઇંઘ ના ગ્લોબલ મેડિકલ સેન્ટરના અપગ્રેડેશનનો નિર્ણય સહિતની બાબતો ગુજરાત માટે મહત્વપુર્ણ છે. મ્યુનિસિપલ બોન્ડ માટે જાહેર થયેલા પ્રોત્સાહનો લાભ ગુજરાતની મ્યુનિસિપાલિટીઝને પણ મળશે. ૨૦ વર્ષ સુધી ટેક્સ હોલીડે લંબાવવામાં આવ્યો છે જેના પરિણામે ગિફ્ટ સિટીમાં વૈશ્વિક કંપનીઓનું રોકાણ વધશે અને મોટી માત્રામાં રોજગારીની તકો સર્જાશે.આ પ્રેસવાર્તામાં પ્રદેશ મહામંત્રી ડો.પ્રશાંતભાઈ કોરાટ, પ્રદેશના મુખ્ય પ્રવકતા ડો.અનિલભાઈ પટેલ, કેન્દ્રિય બજેટ જનજાગરણ અભિયાનના પ્રદેશ ઈન્ચાર્જ જૈનિકભાઈ વકિલ ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલી નજીક ફતેપુરમાં આવેલ ભોજલધામે ઉજવાશે ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ

## ત્રિદિવસીય મહોત્સવ દરમ્યાન સામાજીક-ધાર્મિક કાર્યક્રમોના આયોજનો: સંતો, મહંતો, સમાજના અગ્રણીઓ, રાજકીય નેતાઓ પધારશે: તૈયારીઓનો ધમધમાટ




રાજકોટ, અમરેલી નજીક ફતેપુરમાં ભોજાભગત ચેરી.ટ્રસ્ટ દ્વારા ભોજનધામમાં પ્રાતઃ સ્મરણીય પૂ.ભોજલરામ બાપાના ભવ્ય મંદિરની પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવના અવસરે તા.૪ થી તા.૭ ફેબ્રુ ત્રિદિવસીય ધર્મોત્સવનું આયોજન કરવામાં આવેલ છે.મહોત્સવના અધ્યક્ષ સ્થાને ગુજરાતના મુખ્યમંત્રી તથા વિશ્ર્વ વંદનીય પૂ.મોરારી બાપુની પ્રેરક ઉપસ્થિતિ રહેશે.

મંદિરના નિર્માણ કાર્યના મુખ્ય દાતા સ્વ.વાલજીભાઈ દેવશીભાઈ પરસાણા પરિવાર છે.પૂ.ભાઈશ્રી રમેશભાઈ ઓઝાની પ્રેરણાથી યજ્ઞસેના ધ વૈદિક રિચ્યુઅલ ટીમનો ઉપરોકત મહોત્સવના આયોજનમાં સહયોગ સાંપડયો છે. ઉપરોકત મહોત્સવમાં રાજકીય સામાજીક પ્રેરક ઉપસ્થિતિ રહેશે.

ત્રિદિવસીય મહોત્સવના પ્રથમ દિવસે રકતદાન કેમ્પ, મુર્તિઓની નગરયાત્રા, ધર્મસભા, રામલીલાનાટક, લાઈટ એન્ડ સાઉન્ડ શો.રાત્રે ભજન સંતવાણી તા.૫મીના ગુરુવારે સવારે ૮ વાગે મહાયજ્ઞ, ધર્મસભા, તથા રાત્રે સંતવાણીનું આયોજન કરાયું છે.તા.૬ઠ્ઠીના શુક્રવારના બપોરના ૧૧ વાગે મૂર્તિ તથા ધ્વજદંડ સ્થાપન વિધિ થશે.બપોરના વિજય મુહૂર્તેમૂર્તિ પ્રતિષ્ઠા બપોરના ૧ વાગે આરતી, અન્નકુટ દર્શન, ભોજન પ્રસાદ, બપોરે ૪ થી ૭ ભોજલ કથા રાત્રે ૮.૩૦ કલાકે ભવ્ય આતશબાજી તથા રાત્રે નવ વાગે મહારાસ ગરબાનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે.

**૧૦ ફુટનો રોટલો બનાવાશે : વર્લ્ડરેકોર્ડ**

તા.૬ઠ્ઠીના મહોત્સવમાં જલારામ સેવાશ્રમ ટ્રસ્ટ જામનગર દ્વારા વિશ્ર્વનો સૌથી મોટો ૧૦ ફૂટનો રોટલો સ્થળ પર બનાવીને પૂ.ભોજલરામ બાપાને અર્પણ કરીને વર્લ્ડ રેકોર્ડ સ્થપાશે.ત્રિદિવસીય કાર્યક્રમના ભોજન-પ્રસાદના મનોરથપૂ. જલારામ બાપાની જગ્યા (વિરપુર) રહેશે. ઉપરોકત કાર્યક્રમમાં સર્વધર્મપ્રેમી ભાઈ-બહેનો પધારવા સમિતિ દ્વારા અનુરોધ થયો છે.

# બોલીવુડ અભિનેત્રી ડેઝી શાહના હસ્તે પુજારા ટેલિકોમ રાજકોટ ખાતે Redmi Note ૧૫ 5G Series નું ભવ્ય લોન્ચિંગ




રાજકોટ, પુજારા ટેલિકોમ રાજકોટના સરદારનગર મેઈન રોડ સ્થિત શોરૂમ ખાતે શાઓમીના Redmi Note 15 5G Series સ્માર્ટફોનનું ભવ્ય લોન્ચિંગ સફળતાપૂર્વક યોજાયું.આ ભવ્ય લોન્ચ કાર્યક્રમ પૂજારા ગ્રુપના સ્થાપક અને ચેરમેન શ્રી યોગેશ પૂજારાની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયો હતો. બૉલીવુડ અભિનેત્રી ડેઝી શાહએ Redmi Note 15 5G Series નું અધિકૃત રીતે લોન્ચિંગ કર્યું. આ પ્રસંગે Xiaomi ઇન્ડિયાની સિનિયર મેનેજમેન્ટ ટીમ તેમજ પુજારા ટેલિકોમના ડિરેક્ટર્સ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે શ્રી યોગેશ પૂજારાએ જણાવ્યું કે, "Redmi Note 15 5G Series ના અદ્યતન અને પ્રીમિયમ ટેક્નોલોજી સાથેના નવા સ્માર્ટફોનની રેંજ રાજકોટના ગ્રાહકો સુધી પહોંચાડવાનું ગૌરવ પૂજારા ટેલિકોમ માટે વિશેષ છે અને ગ્રાહકોનો વિશ્વાસ અમારી સૌથી મોટી શક્તિ છે."

તેમજ કુનાલ અગ્રવાલ, હેડ ઓફ સેલ્સ, Xiaomi India એ જણાવ્યું કે, "Redmi Note 15 5G Series ડિઝાઇન, પરફોર્મન્સ સાથે ગ્રાહકો માટે ફ્લેગશિપ લેવલનો અનુભવ આપે છે અને પુજારા ટેલિકોમ જેવા મજબૂત રિટેલ પાર્ટનર સાથે આ લોન્ચ વધુ વિશેષબન્યો છે."

લૉન્ચ બાદ ડેઝી શાહે Redmi Note 15 5G Series નો જાતે અનુભવ લીધો હતો. તેમણે લાઈવ ડ્રોપ ટેસ્ટ અને વોટર ટેસ્ટ કરી ફોનની મજબૂતી અને ગુણવત્તા રજૂ કરી હતી. ફોનની ડિઝાઇન, પરફોર્મન્સ અને કેમેરા ક્ષમતાની તેમણે પ્રશંસા કરી અને સકારાત્મક પ્રતિસાદ આપ્યો. Redmi Note 15 5G Series સ્માર્ટફોન માઇક્રો કવાડ-કર્વ્ડ CroningÆ GroillaÆ Glass VictusÆ 2, IP69K ડસ્ટ અને વોટર રેઝિસ્ટન્સ, ૨૦૦MP MasterPixel કેમેરા અને શક્તિશાળી SnapdragonÆ 7s Gen 4 ચિપસેટ જેવી અદ્યતન સુવિધાઓ સાથે પ્રીમિયમ અનુભવ આપે છે. આ કાર્યક્રમ દરમિયાન રાજકોટના અનેક ઈીજ્ઞદ્વૈ ચાહકો અને ડેઝી શાહના ફેન્સની મોટી ભીડ ઉમટી પડી હતી, Redmi Note 15 5G Series ના સફળ લોન્ચ સાથે, પુજારા ટેલિકોમે ફરી એકવાર વિશ્વસનીય બ્રાન્ડ તરીકે પોતાની ઓળખ મજબૂત કરી છે. પૂજારા ટેલિકોમ ભારતની સૌથી અગ્રણી અને વિશ્વસનીય ટેક્નોલોજી રિટેલ ચેઇન તરીકે ભારતભરમાં ૫૫૦થી વધુ સ્ટોર્સ સાથે આગવી ઓળખ ધરાવે છે.

# કોટક મ્યુચ્યુઅલ ફંડે રોકાણકારો માટે ભારતના ગ્રોથ એન્જિનને અનલોક કરવા કોટક સર્વિસીસ ફંડ રજૂ કર્યું

મુંબઈ કોટકમહિન્દ્રા એસેટ મેનેજમેન્ટ કંપની લિમિટેડ ("KMAMC"/ "કોટક મ્યુચ્યુઅલ ફંડ") એ કોટક સર્વિસીસ ફંડ લોન્ચ કરવાની જાહેરાત કરી છે. આ સર્વિસ થીમને અનુસરતી ઓપન એન્ડેડ ઈક્વિટી સ્કીમ છે. ૪ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ ખુલનારી અને ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ બંધ થનારી આ ન્યૂ ફંડ ઓફર (એનએફઓ)

રોકાણકારોને ભારતના મુખ્ય વિકાસ એન્જિન એવા સર્વિસીઝ સેક્ટર સુધી પહોંચવા માટે સક્ષમ બનાવે છે. ઉલ્લેખનીય છે કે સર્વિસીસ સેક્ટર દેશના GVA (Gross Value Added) માં ૫૫ ટકા યોગદાન આપે છે અને દેશના ૩૧.૫ ટકા લોકોને રોજગારી આપે છે.

ગ્રાહક સેવાઓ, ટેલિકોમ, હેલ્થકેર, લોજિસ્ટિક્સ, નાણાંકીય સેવાઓ, આઈટી, પાવર, ઓઈલ અને ગેસ જેવા વિવિધ ક્ષેત્રોમાં ઝડપથી વિકાસ થઈ રહ્યો હોવાને કારણે, ભારતની સર્વિસ ઈકોનોમી લાંબા ગાળાના રોકાણકારો માટે સતત અનેક માળખાકીય વૃદ્ધિના માર્ગો ખોલી રહી છે કોટક મહિન્દ્રા એસેટ મેનેજમેન્ટ કંપની લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર નિલેશ શાહે જણાવ્યું હતું કે, "વધતી આવક, વધુ ડિજિટલ સાધનો અપનાવવા અને શહેરીકરણના વિસ્તરણને કારણે ભારતની સર્વિસ ઈકોનોમી માળખાકીય

પરિવર્તનમાંથી પસાર થઈ રહી છે. આ પરિબળો ભારતીયો તેમના માટે જરૂરી સેવાઓનો વપરાશ, વ્યવહાર અને ઍક્સેસ કેવી રીતે કરે છે તેને ફરીથી આકાર આપી રહ્યા છે. કોટક સર્વિસિસ ફંડ સાથે, અમારું લક્ષ્ય એક એવો પોર્ટફોલિયો બનાવવાનું છે જે ભારતની સર્વિસ ઈકોનોમીમાં વિકસતી તકોનો લાભ લઈ શકે અને રોકાણકારોને લાંબા ગાળે મૂલ્ય પ્રદાન કરી શકે."કોટક સર્વિસીસ ફંડના ફંડ મેનેજર રોહિત ટંડને જણાવ્યું હતું કે, "સર્વિસીસ થીમ વપરાશ આધારિત અને નિકાસઆધારિત સેગમેન્ટમાં તેની વ્યાપકતા દ્વારા સ્થિરતા અને વૃદ્ધિ બંને પ્રદાન કરે છે. અમારા મતે, સર્વિસીસ સેક્ટરભારતના બજાર ક્ષેત્રો સ્થિતિસ્થાપકતા અને વિસ્તરણ ક્ષમતાના સૌથી આકર્ષક મિશ્રણો પૈકીનું એક છે.

# રાજકોટ જિલ્લા ગ્રામ્યમાં ક્ષયના ૧૪૮૭ દર્દીઓને એક વર્ષમાં રૂ. ૭૬ લાખ ૧૭ હજારની સહાય

## જિલ્લા ક્ષય કેન્દ્રની પહેલ : સેવાભાવીઓના સહયોગથી સાત દિવસમાં ૨૨૨ દર્દીઓને ન્યુટ્રીશન કિટનું વિતરણ

રાજકોટ, ક્ષય એ આરોગ્ય અને આર્થિક સ્થિતિ પર ઊંડી અસર કરતો પડકારરૂપ રોગ છે. આ પડકારને પહોંચી વળવા માટે ભારત સરકાર 'ટી.બી. હારેગા, દેશ જીતેગા'ના ધ્યેય સાથે મક્કમતાથી આગળ વધી રહી છે. ગુજરાત સરકાર દ્વારા ક્ષય નિર્મૂલન માટે આધુનિક સારવાર, સમયસર નિદાન અને દર્દીઓની વિશેષ દેખરેખ પર ભાર મૂકવામાં આવે છે. આરોગ્ય વિભાગ દ્વારા છેવાડાના માનવી સુધી ટી.બી. વિશે જાગૃતિ ફેલાવવા અને ક્ષયને સામાજિક કલંકને સ્થાને એક સાધ્ય રોગ તરીકે જોવામાં આવે, તેવા સઘન પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જેથી, ટી.બી. મુક્ત ભારતના લક્ષ્યને હાંસલ કરી શકાય. કેન્દ્ર સરકાર દ્વારા 'ક્ષયમુક્ત ભારત' અભિયાનને વેગ આપવા તથા આર્થિક સહાય કરવા 'નિક્ષય પોષણ યોજના' હેઠળ દર્દીઓને સારવાર દરમિયાન દર માસે રૂ. એક હજાર આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૫ દરમિયાન રાજકોટ જિલ્લામાં ગ્રામીણ વિસ્તારના કુલ ૧૪૮૭ ક્ષયના દર્દીઓને કુલ રૂ. ૭૬ લાખ ૧૭ હજારની સહાય પૂરી પાડવામાં આવી છે. આર્થિક સહાય સીધી દર્દીઓના ખાતામાં જમા કરવામાં આવે છે. જેથી, તેઓ તેમની સારવાર દરમિયાન પોષણ અને દવાઓનો ખર્ચ ઉઠાવી શકે. સરકારની આર્થિક મદદ દર્દીઓને બીમારી સામે લડવાનું બળ આપે છે અને તેમની સાજા થવાની પ્રક્રિયાને ઝડપી બનાવે છે.

રાજકોટ જિલ્લા ક્ષય અધિકારી શ્રી ઘનશ્યામભાઈ મહેતાના માર્ગદર્શન હેઠળ જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા ટી.બી.ની સારવારમાં પોષણના મહત્ત્વને ધ્યાનમાં રાખીને 'નિક્ષય મિત્ર સપ્તાહ'ની પહેલ શરૂ કરવામાં આવી હતી. ગત તા. ૧૯થી ૨૭ જાન્યુઆરી દરમિયાન વિવિધ સંસ્થાઓ અને સેવાભાવી વ્યક્તિઓના સહયોગથી ૨૨૨ દર્દીઓને પોષણ કિટ આપવામાં આવી હતી. જેમાં શ્રી નરેન્દ્રભાઈ શેઠ દ્વારા પડધરી સરકારી હોસ્પિટલ અને નારણકા પ્રાથમિક આરોગ્ય ખાતે ૪૫ દર્દીઓ, લાયન્સ ક્લબ ઓફ રાજકોટ પ્રાઈડ દ્વારા નંદનવન આરોગ્ય કેન્દ્ર ખાતે ધારાસભ્ય શ્રી ડો. દર્શિતાબેન શાહ અને શાપર-વેરાવળ ખાતે ધારાસભ્ય શ્રી રમેશભાઈ ટીલાળાની ઉપસ્થિતિમાં ૬૨ દર્દીઓને ન્યુટ્રીશન કિટ આપવામાં આવી હતી.

# ગુજરાતના સર્વાંગી વિકાસ માટે 'સુવર્ણ તક' સમાન ઐતિહાસિક જાહેરાતો

## પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝનરી નેતૃત્વ હેઠળ રજૂ થયેલ આ બજેટ આત્મકનિર્ભર ભારત અને વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવાની દિશામાં એક મહત્વ પૂર્ણ માઇલસ્ટોન છેઃ ગુજરાત ભાજપા પ્રદેશ મીડિયા ઈન્ચાર્જ પ્રશાંત વાળા




રાજકોટ: ભાજપા પ્રદેશ મીડિયા ઈન્ચોર્જ પ્રશાંત વાળાએ અખબારી યાદીમાં જણાવ્યું હતું કે, કેન્દ્રીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામનજીએ સંસદમાં રજૂ કરેલ કેન્દ્રીય બજેટ ૨૦૨૬૨૭ 'વિકસિત ભારત' અને 'આત્મ નિર્ભર ભારત'ના દ્રષ્ટિપૂર્ણ વિઝનનું પ્રતિબિબ છે. આ બજેટ દેશના સર્વાંગી અને સર્વ સમાજ વિકાસ માટે એક મજબૂત રોડમેપ પ્રસ્તુત કરે છે.

શ્રી વાળાએ જણાવ્યું હતું કે, કિસાન, યુવા, મહિલા, મધ્યકવર્ગ, સ્જીસ્ઈ, સ્ટાભર્ટઅપ્સલ તથા ઈન્ફ્રા સ્ટ્રકક્ચભર જેવા તમામ મહત્વરપૂર્ણ ક્ષેત્રોને સંતુલિત રીતે પ્રાથમિકતા આપવામાં આવી છે. આ બજેટમાં આર્થિક વૃદ્ધિ, વ્યાપક રોજગાર સર્જન, ટેક્નોલોજી આધારિત વિકાસ અને સામાજિક ન્યાગયને કેન્દ્રસ્થાને રાખવામાં આવ્યા છે.

ઈન્ફ્રા સ્ટ્રુક્ચયર ડેવલપમેન્ટ, મેન્યુલફેક્ચિરિગ, ગ્રીન એનર્જી, ડિજિટલ અર્થતંત્ર અને સ્કિ લ ડેવલપમેન્ટં માટે નોંધપાત્ર જોગવાઈઓ કરીને ભારતને વૈશ્વિક સ્તરે વધુ સ્પજર્ધાત્મયક બનાવવાની દિશામાં સ્પષ્ટ અને સંકલ્પ દર્શાવવામાં આવ્યો છે. ખેડૂતોની આવક વધારવા માટે આધુનિક કૃષિ પદ્ધતિઓ, સિચાઈ યોજનાઓ અને એગ્રી-ઈન્ફ્રાસ્ટ્રનચ્ર પર વિશેષ ભાર મૂકવામાં આવ્યોક છે, જે ગુજરાત જેવા કૃષિ આધારિત રાજ્યોલ માટે અત્યં ત લાભદાયક સાબિત થશે.

પ્રશાંત વાળાએ વધુમાં જણાવ્યું હતું કે, રૂ. ૫૩.૫ લાખ કરોડના આ વિશાળ બજેટમાં મહિલા સશક્તિમકરણ, યુવા શક્તિ નો વિકાસ, આરોગ્યષ અને મેડિકલ ઈન્ફ્રા સ્ટ્ર ક્ચોર, લોજિસ્ટ્રિક્સ અને કનેક્ટિ વિટી, સંસ્કૃ તિ, પર્યટન અને વારસાની જાળવણી, ઉદ્યોગ અને ટેકનોલોજીમાં આત્મયનિર્ભરતા, કૃષિ અને ગ્રામ વિકાસ, પશુપાલન, ડેરી અને મત્યની ઉદ્યોગ, સંરક્ષણ, રમતગમત, ખ્યૂ અને અને સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટડમ તેમજ આર્ટિફિશિયલ ઇન્ટ્રેલિજન્સપના સકારાત્મ?ક ઉપયોગ જેવા તમામ મહત્વેપૂર્ણ ક્ષેત્રોને વ્યાપક રીતે આવરી લેવામાં આવ્યા છે.

આજે દેશ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રમભાઈ મોદીના મજબૂત અને દુરંદેશી નેતૃત્વ હેઠળ લાંબા ગાળાની સમસ્યાશઓમાંથી બહાર આવી ઝડપી વિકાસના માર્ગે આગળ વધી રહ્યો છે. ભારત આજે વિશ્વના સૌથી ઝડપથી વિકસતા અર્થતંત્રોમાં અગ્રસ્થા ને છે અને ચોથા ક્રમે પહોંચી ચૂક્યુંન છે. આ બજેટ દેશની વિકાસ ગતિને વધુ વેગ આપનારું સાબિત થશે.



ગુજરાત ભાજપા પ્રદેશ મીડિયા ઈન્ચાર્જ પ્રશાંત વાળા
મો.૯૯૨૪૨ ૦૯૧૯૧

### ગુજરાત માટે 'સુવર્ણ તક' સમાન ઐતિહાસિક જાહેરાતો

શ્રી વાળાએ જણાવ્યું હતું કે, કેન્દ્રી ય બજેટ ૨૦૨૬૨૭માં ગુજરાતના સર્વાંગી વિકાસ માટે ઐતિહાસિક અને દુરોગામી જાહેરાતો કરવામાં આવી છે, જે રાજ્યહના ઉદ્યોગ, પર્યટન અને કનેક્ટિજવિટી માટે નવા અવસરોનાં દ્વાર ખોલશે.

### બજેટમાં ગુજરાતને થયેલા મુખ્ય લાભો

GIFT City માટે મોટો બૂસ્ટમ ગાંધીનગર સ્થિત GIFT City માં કાર્યરત એકમો માટે ટેક્સ હોલિડેની મર્યાદા ૧૦ વર્ષથી વધારીને ૨૦ વર્ષ કરવામાં આવી છે. એટલું જ નહીં, ટેક્સઝ હોલિડે બાદ પણ માત્ર ૧૫%ના રાહત દરે ટેક્સગ લાગુ પડશે, જેના કારણે GIFT Cityની આંતરરાષ્ટ્રીય નાણાકીય કેન્ર્વ તરીકેની સ્પકર્ધાત્મતા વધુ મજબૂત બનશે.

પ્રવાસન ક્ષેત્રે વૈશ્વિક ઓળખ ગુજરાતના ઐતિહાસિક હેરિટેજ સ્થતળો લોથલ અને ધોળાવીરાને રાષ્ટ્રીય પુરાતત્વી હેરિટેજ ક્લજસ્ટિર પ્રવાસન વિકાસ કાર્યક્રમમાં સામેલ કરવામાં આવ્યાા છે. આ પગલાંથી રાજ્યઆમાં પ્રવાસન આધારિત રોજગારીની નવી અને વ્યાસપક તકો સર્જાશે.

MSME અને ઉદ્યોગોને વિશા પ્રોત્સાયહન નાના અને મધ્યશમ ઉદ્યોગોને મજબૂત બનાવવા માટે રૂ.૧૦,૦૦૦ કરોડનું SME ગ્રોથ ફંડ જાહેર કરવામાં આવ્યું છે. તેનો સીધો લાભ સુરત (ટેક્સટાઇલ), રાજકોટ (એન્જિ નિયરિંગ), જામનગર (બ્રાસ પાર્ટ્સ ) અને અમદાવાદના કેમિકલ ક્લડસ્ટમરોને મળશે.

કનેક્ટિ્વટી અને ઈન્ફ્રા સ્ટ્રાક્ચમર વિકાસ પૂર્વના દાનકુનીથી ૫મિના સુરતને જોડતો ડેડિકેટેડ ફ્રેટ કોરિડોર બનાવવાની જાહેરાત લોજાસ્ટિફક્સ્ ખર્ચમાં મોટો ઘટાડો લાવશે. ઉપરાંત, દેશમાં પ્રસ્તાડવિત ૭ નવા હાઈ-સ્પી ડ રેલ કોરિડોરથી ગુજરાતને વ્યાપિક અને આધુનિક કનેક્ટિોવિટી મળશે.

સેમિકન્ડડક્ટગર અને કેમિકલ હબ તરીકે ગુજરાત 'ભારત સેમિકન્ડદક્ટતર મિશન ૨.૦' અંતર્ગત ગુજરાતને ચિપ મેન્યુફેક્ચટરિગ ક્ષેત્રે વિશાળ લાભ મળશે. સાથે સાથે રાજ્યમાં ૩ ડેડિકેટેડ કેમિકલ પાર્ક્સઅ સ્થાપવાની યોજના ઉદ્યોગ વિકાસને નવી ઊંચાઈ આપશે.

જામનગર ગ્લોનબલ હેલ્થવ હબ જામનગર ખાતે ગ્લો બલ સેન્ટકર ફોર ટ્રેડિશનલ મેડિસિનને અપગ્રેડ કરી તેને વૈશ્વિક હેલ્થવ હબ તરીકે વિકસાવવાની જાહેરાત કરવામાં આવી છે. અહીં નવી આયુર્વેદિક AIIMS તથા NIPER કેન્દ્રે સ્થા?પવાની દરખાસ્ત પણ આરોગ્યર ક્ષેત્રે ઐતિહાસિક પગલું છે.બાયોફાર્મા શક્તિ ગુજરાત ફાર્મા સેક્ટ રનું હબ છે ત્યા?રે 'બાયોફાર્મા શક્તિપ' કાર્યક્રમ હેઠળ વૈશ્વિક બાયોફાર્મા ઉત્પાયદન કેન્દ્ર તરીકે વિકસાવવા માટે ૫ વર્ષમાં ૧૦,૦૦૦ કરોડનું રોકાણ થશે.જેનો સીધો લાભ ગુજરાતને થવાનો છે.ગુજરાતમાં રોકાણો આકર્ષિત થશે અને રોજગારીનું સર્જન થશે. આમ, મેન્યુફેક્ચિરગ, ફાર્મા, ચીપ, સોલાર, ટેકસટાઈલ, ટુરીઝમ, ડીફેન્સ તેમજ એમએસએમઈ ક્ષેત્રે ગુજરાતને સીધો ફાયદો થશે. અંતમાં પ્રશાંત વાળાએ જણાવ્યુંઅ હતું કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝનરી નેતૃત્વફ હેઠળ રજૂ થયેલ આ બજેટ આત્મ નિર્ભર ભારત અને વિકસિત ભારતના સ્વગપ્રને સાકાર કરવાની દિશામાં એક મહત્વ્પૂર્ણ માઈલસ્ટોન છે. ભારતીય જનતા પાર્ટી આ બજેટનું હાર્દિક સ્વાઈગત કરે છે અને વિશ્વાસ વ્યતક્તય કરે છે કે આ બજેટ દેશ સહિત ગુજરાતના સર્વાંગી વિકાસમાં નિર્ણાયક ભૂમિકા ભજવશે.